

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 175
Dt.: 08-03-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### ઈઝરાયેલના ૫૦ ફાઈટર જેટે ખામેનેઈનું અન્ડરગ્રાઉન્ડ બંકર ઉડાવ્યું

# ઈરાન પાસે શરણે થવા સિવાય કોઈ વિકલ્પ નથીઃ પ્રમુખ ટ્રમ્પની ધમકી

## ઈરાનનો ઈઝરાયેલ તથા ખાડી દેશોમાં અનેક સ્થળો પર મિસાઈલમારો યથાવતઃ કતરમાં અમેરિકન રડાર સિસ્ટમ તોડી



(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ દિવસે ને દિવસે વધુ ભયાનક બની રહ્યું છે. આ યુદ્ધ માત્ર ત્રણ દેશો પુરતું સિમિત ન રહેતાં છેલ્લા એક સપ્તાહમાં ૧૪ દેશો સુધી ફેલાયું છે. અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર મિસાઈલ હુમલા ચાલુ રાખ્યા છે. જવાબમાં ઈરાન પણ એક સાથે ૧૨ દેશો પર ડ્રોન અને મિસાઈલ હુમલા કરી રહ્યું છે. વધુમાં ઈરાને કતરમાં અમેરિકાની મહત્વપૂર્ણ મિસાઈલ એલર્ટ સિસ્ટમ તોડી પાડી છે. આવા સમયે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ઈરાનને ચેતવણી આપી કે ઈરાનની સંપૂર્ણ શરણાગતિ સિવાય હવે કોઈ સમજૂતી નહીં થાય.

બીજીબાજુ ઈઝરાયેલે લેબેનોનમાં આતંકી સંગઠન હિઝબુલ્લા પર હવાઈ હુમલા યથાવત રાખ્યા છે.મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ દિવસે ને દિવસે વધુ ભયાનક બની રહી છે ત્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં લખ્યું કે, ઈરાન સાથે કોઈપણ શરત વિના આત્મસમર્પણ વિના કોઈ સમજૂતી નહીં થાય. ત્યાર પછી એક મહાન અને સ્વીકૃત નેતાની પસંદગી પછી અમે અને અમારા અનેક સાથીઓ ઈરાનને વિનાશના કિનારેથી પાછા લાવવા પ્રયત્ન કરીશું અને તેને આર્થિકરૂપે પહેલા કરતાં ઘણા ઊંચા, સારા અને મજબૂત સ્તરે લઈ જઈશું. ઈરાનનું ભવિષ્ય ઉજ્જવળ થશે. ઈરાનને ફરી મહાન બનાવો. આ સાથે ટ્રમ્પે એવી પણ ચેતવણી આપી છે કે ઈરાન ઝુકશે નહીં તો તેનો સંપૂર્ણપણે વિનાશ કરવાની તેમની તૈયારી છે.દરમિયાન અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનમાં અનેક સ્થળો પર હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના સુપ્રીમ લીડર અયાતોલ્લાહ અલિ ખામેનેઈ પછી હવે આઈઆરજીસીના ટોચના કમાન્ડરો પર હુમલાની તૈયારી કરી છે. અમેરિકાએ શુક્રવારે દાવો કર્યો હતો કે તેણે ઈરાનનું ડ્રોન કેરીયર તોડી પાડયું હતું. બીજીબાજુ ઈઝરાયેલે ૨૦૨૪માં યુદ્ધવિરામ થયા બાદ શુક્રવારે લેબેનોન પર ભારે હવાઈ હુમલો કર્યો હતો.

ઈઝરાયેલના હુમલાના પગલે બેરુત શહેરમાંથી હજારો નાગરિકો પરાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ભાગી છૂટયા છે. આ સિવાય ઈઝરાયેલના ૫૦ ફાઈટર જેટે ૧૦૦ બોમ્બથી તહેરાનમાં સુપ્રીમ લીડર ખામેનેઈનું અન્ડરગ્રાઉન્ડ બંકર પણ ઉડાવી દીધું હતું, જેનો વીડિયો પણ તેમણે પોસ્ટ કર્યો હતો.વધુમાં મધ્ય-પૂર્વનું યુદ્ધ હવે મધ્ય-એશિયાના દેશોમાં ફેલાય તેવી આશંકા છે. ઈરાને અઝરબૈજાનમાં હુમલો કરતાં આ મુસ્લિમ દેશ ભારે ધુંધવાયું હતું.

અઝરબૈજાને તહેરાનમાં તેનું દુતાવાસ અને તબરેજમાં વાણિજ્ય દુતાવાસ ખાલી કરી નાંખ્યા હતા. અઝરબૈજાને ઈરાન સાથેની સરહદ પર સેલ્ફ પ્રોપેલ્ડ આર્ટીલરી સિસ્ટમ તૈનાત કરવાનું શરૂ કર્યું છે. વિદેશ મંત્રી જેહુન બેયરામોવે કહ્યું કે, નખચિવન એરપોર્ટ પર ઈરાનના ડ્રોન હુમલાનો જડબાતોડ જવાબ અપાશે. દરમિયાન અમેરિકા અને ઈઝરાયેલને તેમના હુમલાઓનો જડબાતોડ જવાબ આપવા ઈરાને ઓપરેશન ટ્રુ પ્રોમીસ ફોરની ૨૨મી વેવ હેઠળ ખોર્રામશહર ૪, ખૈબર, ફતહ જેવા વધુ ઘાતક મિસાઈલોથી હુમલા કર્યા હતા.

આ સાથે ઈરાને ખાડી દેશોને ચેતવણી આપી છે કે તેમના હુમલાથી બચવું હોય તો અમેરિકાના સૈનિકો અને નાગરિકોને તગેડી મૂકો. સાથે ઈરાને ખાડી દેશો પર હુમલા ચાલુ રાખતા કતરમાં અમેરિકાની મહત્વપૂર્ણ ૧.૧ અબજ ડોલરની કિંમતની મિસાઈલ રડાર સિસ્ટમ તોડી પાડી હતી.

આ સિસ્ટમને મધ્ય-પૂર્વમાં અમેરિકાની આંખ કહેવાતી હતી.

### ઈઝરાયલના આક્રમક હુમલા અને તેહરાનમાં તબાહી

## ઈરાનમાં અનેક જગ્યાઓ પર એકસાથે હુમલા, મહેરાબાદ એરપોર્ટ પર આગ ભભૂકી ઉઠી

### પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, એરપોર્ટના રનવે પર એક વિમાન પણ આગની લપેટમાં જોવા મળ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાનની રાજધાની તેહરાનમાં હાલ પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે. શહેરના મુખ્ય કોમર્શિયલ એરપોર્ટ મહેરાબાદ પર રાત્રિ દરમિયાન પ્રચંડ વિસ્ફોટો થયા હોવાના અહેવાલ છે, જેના કારણે આકાશમાં આગના ગોટા અને ધુમાડાના કાળા વાદળો છવાઈ ગયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, એરપોર્ટના રનવે પર એક વિમાન પણ આગની લપેટમાં જોવા મળ્યું હતું. ઈઝરાયલ દ્વારા ઈરાન વિરુદ્ધ આક્રમક હુમલા કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કડક વલણ અપનાવતા જાહેરાત કરી છે કે ઈરાન માટે 'બિનશરતી શરણાગતિ' સિવાય મંત્રણાના તમામ દરવાજા બંધ છે. તેહરાનના સ્થાનિકોનું કહેવું છે કે, છેલ્લા એક અઠવાડિયાથી ચાલી રહેલા અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓમાં ગત રાત સૌથી વધુ ભયાનક અને વિનાશક રહી હતી.

આ ઉપરાંત મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને સૈન્ય ગતિવિધિઓ વચ્ચે વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટ્સમાંના એક એવા દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ(DXB) પર વિમાન સેવાઓ ફરીથી કાર્યરત કરવામાં આવી છે. આજે (૭ માર્ચ) સવારે ઈરાન દ્વારા છોડવામાં આવેલા એક ડ્રોનને આકાશમાં જ તોડી પાડવામાં આવ્યું હતું, જેનો કાટમાળ સીધો એરપોર્ટ પરિસરમાં પડતા સુરક્ષાના કારણોસર કામગીરી અનિશ્ચિતકાળ માટે બંધ કરી દેવામાં આવી હતી. જોકે, હવે એરપોર્ટ પ્રશાસને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને જાણકારી આપી છે કે કામગીરી આંશિક રીતે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. એરપોર્ટ મેનેજમેન્ટે મુસાફરોને ખાસ વિનંતી કરી છે કે જ્યાં સુધી તમારી એરલાઈન ફ્લાઈટ કન્ફર્મ હોવાની પુષ્ટિ ન કરે ત્યાં સુધી એરપોર્ટ તરફ પ્રયાણ ન કરવું, કારણ કે ફ્લાઈટના શેડ્યૂલમાં સતત ફેરફાર થઈ રહ્યા છે. અગાઉ, ઈરાની ડ્રોનનો કાટમાળ પડતાની સાથે જ સુરક્ષા એજન્સીઓએ સાવચેતીના પગલે ઓપરેશન રોકી દીધું હતું. એરપોર્ટ મેનેજમેન્ટ અને એમિરેટ્સ એરલાઈન પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે અને સુરક્ષાના તમામ માપદંડોને અનુસરી રહ્યા છે. મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે તેઓ એરપોર્ટ પહોંચતા પહેલા સત્તાવાર અપડેટ્સ તપાસી લે.

## શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદજીની ધર્મયુદ્ધ યાત્રાનો શંખનાદ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વારાણસી

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ આજે ૭ માર્ચ સવારે ૮:૩૦ વાગ્યાથી પોતાની ગોપ્રતિષ્ઠા ધર્મયુદ્ધ યાત્રાની શરૂઆત કરી છે. આ યાત્રા ૭ માર્ચના રોજ વારાણસીથી શરૂ થઈને અનેક જિલ્લાઓમાંથી પસાર થશે અને ૧૧ માર્ચના રોજ લખનઉમાં મોટા ધરણા પ્રદર્શન સાથે સમાપ્ત થશે. ચાલો જાણીએ આખરે સ્વામી અવિમુક્તેશ્વરાનંદની આ યાત્રાનો શું ઉદ્દેશ્ય છે.

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદની ધર્મયુદ્ધ યાત્રાનો ઉદ્દેશ્ય ૭ માર્ચથી ૧૧ માર્ચ સુધી ચાલનારી ધર્મયુદ્ધ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય ગૌરક્ષા અને ગાયને રાષ્ટ્ર માતા જાહેર કરવાની માંગ છે. સાથે જ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદની આ વિશેષ માંગ છે કે, ઉત્તર પ્રદેશ સરકાર પહેલા પોતાના પ્રદેશમાં ગાય માતાને રાજ્ય માતા જાહેર કરે. ગોપ્રતિષ્ઠા અને ગૌ રક્ષા માટે ધર્મયુદ્ધ યાત્રાનો શંખનાદ આજે ૭ માર્ચથી થઈ ચૂક્યો છે. યાત્રાની શરૂઆત કરતા પહેલા શંકરાચાર્યએ સવારે ગંગા પૂજા કરી અને પછી યાત્રાની શરૂઆત કરી. શંકરાચાર્યએ સવારે ચિંતામણી ગણેશ મંદિરમાં પૂજા-પાઠ કરી સંકટમોચન મંદિરમાં હનુમાન ચાલીસાના પાઠ પણ કર્યા. ૭ થી ૧૧ માર્ચ સુધી ચાલનારી આ યાત્રા દરમિયાન શહેરના અલગ-અલગ વિસ્તારોમાં શંકરાચાર્યનું સ્વાગત કરવામાં આવશે અને ૧૧ માર્ચના રોજ લખનઉમાં યાત્રાનું સમાપન થશે. શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ યાત્રાને લઈને કહ્યું કે, આ માત્ર ધાર્મિક યાત્રા નથી, પરંતુ ગૌ માતાની રક્ષા માટે એક ધર્મયુદ્ધ છે. યાત્રાને લઈને તેમનો ઉદ્દેશ્ય રાજકીય ન હોઈ પૂરી રીતે ધાર્મિક છે.

કાર્યક્રમ મુજબ, ૭ માર્ચના રોજ સવારે યાત્રાની શરૂઆત થઈ છે.

રવિવાર, ૮ માર્ચના રોજ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પોતાના દળ સાથે મોહનલાલગંજ થઈને લાલગંજ અને અચલગંજ જશે. સોમવાર, ૯ માર્ચ ૨૦૨૬ ના રોજ શંકરાચાર્ય બાંગરમૌ અને બઘોલીમાં સભા કરતા નૈમિષારણ્યમાં સભા કરશે અને અહીં જ રાત્રિ વિશ્રામ કરશે. મંગળવાર, ૧૦ માર્ચના રોજ શંકરાચાર્ય સિંધૌલી અને ઈંજૌટામાં સભા કરતા લખનઉ પહોંચી શકે છે. બુધવાર, ૧૧ માર્ચના રોજ ૨ વાગ્યે કાંશીરામ સ્મૃતિ સાંસ્કૃતિક સ્થળ પર પહોંચીને ગૌરક્ષાર્થ ધર્મયુદ્ધની શરૂઆત કરશે.

## ઈરાન હવે કોઈ પણ પડોશી રાષ્ટ્રને નિશાન બનાવશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

મિડલ ઈસ્ટમાં યુદ્ધની જ્વાળાઓ અને વધતા જતાં સૈન્ય સંઘર્ષ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પડોશી દેશોને સુરક્ષાની ખાતરી આપતું એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન હવે કોઈ પણ પડોશી રાષ્ટ્રને નિશાન બનાવશે નહીં, પરંતુ સાથે જ અમેરિકા અને ઈઝરાયલ સામે નમતું જોખવાનો પણ ઈન્કાર કર્યો છે. અહેવાલો અનુસાર, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને યુદ્ધ વચ્ચે પડોશી દેશો પર થયેલા હુમલાઓ બદલ દુઃખ વ્યક્ત કરીને માફી માંગી હતી. તેમણે પાડોશીઓને આશ્વસ્ત કર્યા હતા કે ઈરાન તરફથી હવે કોઈ આક્રમક કાર્યવાહી કરવામાં આવશે નહીં. જોકે, તેમણે એક કડક શરત પણ મૂકી છે કે જો કોઈ પડોશી દેશની ધરતીનો ઉપયોગ ઈરાન સામે હુમલો કરવા માટે કરવામાં આવશે, તો ઈરાન વળતો પ્રહાર કરવામાં જરાય અચકાશે નહીં. ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈના મૃત્યુ બાદ દેશમાં શક્તિ સંતુલન અને ભવિષ્યની વ્યૂહનીતિ અંગે અનેક અટકળો ચાલી રહી છે. આ સ્થિતિમાં રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને જણાવ્યું હતું કે, ઈરાન કોઈ પણ પ્રકારના બાહ્ય દબાણ સામે ઝૂકશે નહીં. અમે ઈઝરાયલ કે અમેરિકા સામે ક્યારેય શરણાગતિ સ્વીકારીશું નહીં. તેમના આ નિવેદનને પ્રાદેશિક તણાવ ઘટાડવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની મજબૂતી દર્શાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. મિડલ ઈસ્ટમાં વધતા તણાવની સીધી અસર હવે વૈશ્વિક અર્થતંત્ર પર પડી રહી છે.

### સરકાર રોજગાર આપવા પર ધ્યાન આપે

## દેશની સૌથી મોટી બેન્ક પણ 'મફતની રેવડી' અંગે ચિંતિત

### માત્ર આર્થિક નિષ્ણાતો જ નહીં, પણ સુપ્રીમ કોર્ટે પણ આ 'રેવડી સંસ્કૃતિ' પર લાલ આંખ કરી ચુકી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચૂંટણી સમયે મતદારોને રીઝવવા માટે રાજકીય પક્ષો દ્વારા અપાતા 'મફત ભેટ' અને બેંક ખાતામાં સીધા રોકડ જમા કરાવવાના વાયદાઓ હવે દેશના અર્થતંત્ર માટે ચિંતાનો વિષય બન્યા છે. ભારતીય સ્ટેટ બેંક (SBI) ના તાજેતરના રિપોર્ટમાં આ અંગે ગંભીર ચેતવણી આપવામાં આવી છે.SBI ના સંશોધન અહેવાલ મુજબ, ચૂંટણીલક્ષી મફત યોજનાઓ પાછળ રાજ્યોના જીએસડીપી ના 0.1% થી 2.7% જેટલો જંગી ખર્ચ થાય છે. આ ખર્ચ રાજ્યોની પોતાની કુલ મહેસૂલી આવકના લગભગ 5 થી 10% જેટલો હોય છે. રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે આવી યોજનાઓ





પરના ખર્ચની મર્યાદા GSDP ના ચોક્કસ ટકા સુધી મર્યાદિત હોવી જોઈએ, જેથી શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવી જરૂરી કલ્યાણકારી યોજનાઓ ખોરવાય નહીં.માત્ર આર્થિક નિષ્ણાતો જ નહીં, પણ સુપ્રીમ કોર્ટે પણ આ 'રેવડી સંસ્કૃતિ' પર લાલ આંખ કરી ચુકી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "સરકારે લોકોને મફત ભેટ કે રોકડ આપવાને બદલે રોજગારના અવસરો ઉભા કરવા જોઈએ, જેથી નાગરિકો આત્મસન્માન સાથે જીવી શકે." કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે, શું આપણે સક્ષમ અને હાંસિયામાં ધકેલાયેલા લોકો વચ્ચે તફાવત ભૂલી રહ્યા છીએ? જો ભેદભાવ વગર દરેકને મફત આપવામાં આવે, તો તે માત્ર 'તુષ્ટિકરણની નીતિ' બની જશે જે દેશના વિકાસમાં અવરોધક છે.SBI રિપોર્ટમાં એક રસપ્રદ બાબત એ પણ સામે આવી કે, જે રાજ્યોમાં મહિલા કેન્દ્રિત યોજનાઓ (જેમ કે લાડલી બહેના વગેરે) અમલમાં છે, ત્યાં મહિલા મતદારોની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આવી યોજનાઓ ધરાવતા 19 રાજ્યોમાં 2024માં મહિલા મતદારોની ભાગીદારીમાં સરેરાશ 7.8 લાખનો વધારો થયો છે. જે રાજ્યોમાં આવી યોજનાઓ નથી, ત્યાં આ વધારો માત્ર 2.5 લાખ સુધી જ સીમિત રહ્યો છે.

## શ્રીલંકાને ડરાવવા નીકળ્યું હતું અમેરિકા, કોલંબોએ આપી દીધો જડબાતોડ જવાબ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

ઈરાનના જહાજને ટોર્પીડો એટેકથી ખતમ કરનારા અમેરિકાને શ્રીલંકાએ જડબાતોડ જવાબ આપી દીધો છે. હકીકતમાં સમાચાર આવ્યા હતા કે અમેરિકા કોલંબો પર આ વાતને લઈને પ્રેશર બનાવી રહ્યું છે કે તે આઈઆરઆઈએસ દીના જહાજ પર હુમલા બાદ ઘાયલ બચેલા ઈરાની સૈનિકોને પાછા ન જવા દે. જો કે હવે શ્રીલંકાના વિદેશ મંત્રીએ સ્પષ્ટ કહી દીધું છે કે ઈરાની સૈનિકોના મામલામાં તેઓ કોઈના પ્રેશરમાં નહીં આવે અને તેમના તમામ નિર્ણયો આંતરરાષ્ટ્રીય કાયદાના આધાર પર જ લેવાશે.

હકીકતમાં જોઈએ તો, શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિથા હેરાથ રાયસીના ડાયલોગમાં સામેલ થવા માટે રાજધાની દિલ્હી આવેલા હતા. જ્યાં તેમને પૂછવામાં આવ્યું કે શું શ્રીલંકા ઈરાની જહાજના કર્મચારીઓને પાછા મોકલશે કે અમેરિકાના કહેવા પર કોઈ અલગથી પગલાં ઉઠાવશે? તો તેમણે સ્પષ્ટ કહ્યું કે, સરકાર આ સમગ્ર મામલે આંતરરાષ્ટ્રીય સમુદ્રી કાનૂન અને માનવીય સિદ્ધાંતોનું પાલન કરી રહી છે.

અમેરિકી પનડુબ્બીએ હિંદ મહાસાગરમાં શ્રીલંકાના દક્ષિણી બંદર શહેર ગાલેથી લગભગ ૧૯ નોટિકલ માઈલ દૂર ઈરાની જહાજ આઈઆરઆઈએસ દીનાને ટોર્પીડોથી ટાર્ગેટ બનાવી ડૂબાવી દીધું. આ હુમલામાં ૮૭ ઈરાની નૌસૈનિકોના મોત થયા છે.

કહેવાય છે કે આ કાર્યવાહી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન દ્વારા ઈરાન વિરુદ્ધ વધતા સૈન્ય અભિયાનનો ભાગ માનવામાં આવે છે. અમેરિકી રક્ષા મંત્રી પીટ હેગસેથે આ હુમલાને ક્વાઈટ ડેથ ગણાવી દીધું. શ્રીલંકાના શરણમાં બીજું પણ એક જહાજ છે.

આ દરમ્યાન ઈરાનના એક અન્ય નૌસૈનિક સહાયક જહાજ આઈઆરઆઈએસ બૂશહર શ્રીલંકાના વિશેષ આર્થિક ક્ષેત્રમાં ફસાઈ ગયું છે. શ્રીલંકન અધિકારીઓએ જહાજના ૨૦૮ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત ઉતારવાનું શરૂ કરી દીધું છે અને તેમને અસ્થાયી રીતે પોતાના કંટ્રોલમાં લઈ લીધા છે.




# તંત્રી લેખ......

## રાજદ્વારી સંતુલન જાળવવાનો પડકાર

પશ્ચિમ એશિયાના અસ્થિર અને અશાંત વાતાવરણમાં, ઈરાન, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વધતા સંઘર્ષે ભારતને એક જટિલ અને નાજુક રાજદ્વારી સ્થિતિમાં મૂક્યું છે. "ઓપરેશન રોરિંગ લાયન" નામના ઈરાન પરના યુએસ-ઈઝરાયલી હુમલા બાદ, ઈરાને જોર્ડન, સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયા સહિત અન્ય ગલ્ફ દેશો પર મિસાઈલ હુમલાઓ કરીને બદલો લીધો. આનાથી ભારત સહિત મોટી શક્તિઓમાં ઉર્જા પુરવઠા, નાગરિક સુરક્ષા અને વ્યાપક પ્રાદેશિક અસ્થિરતા અંગે વૈશ્વિક ચિંતાઓ વધી ગઈ છે.

આજે, આ પ્રદેશ પૂર્ણ-સ્તરના યુદ્ધની અણી પર છે, જેનાથી વધુ પડકારો અને ચિંતાઓ ઉભી થઈ છે. જ્યારે ભારત-ઈરાન સંબંધો પરંપરાગત રીતે ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે, ત્યારે છેલ્લા દાયકામાં, ભારતે ઈઝરાયલ સાથે મજબૂત અને વ્યાપક સંરક્ષણ ભાગીદારી પણ બનાવી છે. વડાપ્રધાન મોદીની ઈઝરાયલની તાજેતરની મુલાકાતે બંને દેશોના સંબંધોને "શાંતિ, નવીનતા અને સમૃદ્ધિ માટે ખાસ વ્યૂહાત્મક ભાગીદારી" સુધી ઉન્નત કર્યા છે.


પશ્ચિમ એશિયા સાથેના તેના ઊંડા જોડાણને ધ્યાનમાં રાખીને, ભારતની પ્રાથમિક ચિંતાઓ વેપાર, અર્થશાસ્ત્ર અને ઉર્જા સુરક્ષા છે. ભારતે ફક્ત સંતુલન પર જ નહીં પરંતુ પ્રદેશમાં તેના મોટા હિતોને સુરક્ષિત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ કટોકટી આપણી "ઊર્જા સુરક્ષા" અંગે ચિંતાઓ ઉભી કરે છે. આ પ્રદેશ આપણી તેલ આયાતનો લગભગ ૫૫ ટકા હિસ્સો પૂરો પાડે છે, જેમાં ઈરાક અને સાઉદી અરેબિયા જેવા દેશો ટોચના સપ્લાયર છે. મધ્ય એશિયામાંથી ક્રૂડ ઓઈલ સપ્લાય તેમની પ્રાદેશિક નિકટતા અને રિફાઈનરી સુસંગતતા માટે મૂલ્યવાન છે. વધુમાં, ભારત તેના ક્રૂડ ઓઈલનો લગભગ બે તૃતીયાંશ ભાગ અને તેના લિક્વિફાઈડ નેચરલ ગેસનો અડધો ભાગ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આયાત કરે છે, જે એક મુખ્ય શિપિંગ રૂટ છે જેને ઈરાને અવરોધિત કર્યો છે. આ આપણા તેલ આયાત માટે એક મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે.

પશ્ચિમ એશિયામાંથી તેલ શિપિંગના લોજિસ્ટિકલ ફાયદા પણ છે. જ્યારે ભારત વૈકલ્પિક ઈંધણ સ્ત્રોતોની શોધ કરી રહ્યું છે, ખાસ કરીને પશ્ચિમ આફ્રિકામાં, પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં વધતા સંઘર્ષે ભારતની ઉર્જા સુરક્ષા અને દરિયાઈ વેપાર માર્ગો માટે ચિંતા ઉભી કરી છે. ૨૦૨૫ માં સમાન તણાવે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ઈ૧૦૦ થી ઉપર ધકેલી દીધા, જેનાથી ભારતના આયાત બિલમાં વધારો થયો અને સ્થાનિક ફુગાવા પર અસર પડી. તેલના વધતા ભાવ આપણા કુલ સ્થાનિક ઉત્પાદન વૃદ્ધિને અસર કરશે અને સ્થાનિક બજાર પર દબાણ લાવશે.

ભારતના ઈરાન અને ઈઝરાયલ બંને સાથે વેપાર સંબંધો છે. ૨૦૨૫ માં ઈરાન સાથેનો વેપાર આશરે યુએસ ૨.૪૨ બિલિયન હતો, જેમાં ભારત યુએસ ૧.૨૪ બિલિયનના માલની નિકાસ કરે છે. ભારતનો બાબ અલ-મંડાબ જળમાર્ગ યુરોપ અને ઉત્તર આફ્રિકન ક્ષેત્રમાં તેની નિકાસનો આશરે ૩૦ ટકા હિસ્સો ધરાવે છે.

તાજેતરના સમયમાં ભારતના ઈઝરાયલ સાથેના સંરક્ષણ સંબંધોમાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે, જે પરંપરાગત લોજિસ્ટિકલ સંરક્ષણ પુરવઠાથી આગળ વધીને ભારતમાં સંયુક્ત લશ્કરી સંપત્તિના વિકાસ અને ઉત્પાદન સુધી વિસ્તર્યું છે. ઈઝરાયલ ભારતને અદ્યતન શસ્ત્રોનો મુખ્ય સપ્લાયર છે, જેમાં ડ્રોન અને મિસાઈલ સિસ્ટમનો સમાવેશ થાય છે. તેથી, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે રાજદ્વારી સંતુલન જાળવી રાખીને તેના હિતોનું રક્ષણ કરવું એ ભારતની ટોચની પ્રાથમિકતા રહેશે. પશ્ચિમ એશિયામાં લાંબા સમય સુધી કટોકટી ત્યાંના અમારા કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સને પણ અસર કરશે. એક મોટી ચિંતા ભારતના આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોરના વિક્ષેપ હોઈ શકે છે, જેનો હેતુ ઈરાન દ્વારા યુરોપિયન વેપારને પ્રોત્સાહન આપવાનો છે.આઈએનએસટીસી પૂર્ણ થવું ઈરાની રેલ અને રોડ નેટવર્ક પર આધાર રાખે છે. યુદ્ધને કારણે, આ માળખાગત સુવિધા લશ્કરી લોજિસ્ટિક્સ માટે વાળવામાં આવી છે.

# વડોદરામાં બડા હજીરા રક્ષિત સ્મારક નજીક દફનવિધિનો હક સાબિત ન થતા ગુજરાત હાઈકોર્ટે અપીલ ફગાવી



## કુત્બુદ્દીન મોહમદખાનની કબર નજીક તેના વંશજ હોવાનો દાવો કરીને અરજદારે તેમના પરીવારજનોની દફનવિધિની મંજુરી આપવા અપીલ કરી હતી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના વડોદરામાં સુરક્ષિત સ્મારકની આસપાસ દફનવિધિ કરવાની પરંપરાગત હક ની દલીલને લઈને દાખલ કરાયેલી અપીલને ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યુ હતુ કે અરજદાર પોતાના દાવાને સમર્થન આપે તેવા કોઈ કાયદેસર અથવા પરંપરાગત હક સાબિત કરી શકયા નથી, તેથી રાજય સરકારને દફનવિધિ રોકવા સામે અટકાવવાની માંગણી કોર્ટે સ્વીકારી ન હતી.

ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ જે સી દોશી ની સિંગલ જજ બેન્ચે આ મહત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યુ હતુ કે અરજદારે પોતે ધાર્મિકવડા હોવાનુ કે કુત્બુદ્દીન મોહમદખાનની વંશ પરંપરાગત સંતાન હોવાનુ પુરાવા દ્વારા સાબિત કર્યુ નથી. સાથે સાથે સુરક્ષિત સ્મારક વિસ્તારમાં દફનવિધિ કરવાની કોઈ માન્ય પરંપરા પણ સાબિત કરી શકયા નથી. અરજદારે દલીલ કરી હતી કે તેઓ કુત્બુદ્દીન મોહમદખાનના વંશ જ છે અને તેથી તેમના પરીવારજનોને વડોદરામાં આવેલા કુત્બુદ્દીન મોહમદખાનની સમાધી નજીક દફન કરવાની ધાર્મિક અને પરંપરાગત હક મળવો જોઈએ , તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે આ પરંપરા લાંબા સમયથી ચાલુ છે, પરંતુ કોર્ટે નોંધ્યુ હતુ કે અરજદારે આ દાવાને સમર્થન આપતા કોઈ સબળ પુરાવા રજુ કર્યા નથી. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યુ હતુ કે અરજદારે માત્ર દાવો કર્યો છે. પરંતુ તે કુત્બુદ્દીન મોહમદખાનના વંશ જ હોવાનુ સાબિત કરતા કોઈ પ્રમાણિત પુરાવા રજુ કર્યા નથી.

કોર્ટે નોંધ્યુ હતુ કે અરજદારે જણાવ્યુ હતુ કે કુત્બુદ્દીનના અનુયાયીઓ અને શિષ્યોની સંખ્યા મોટી છે અને શીજર-એ-કાદરીયા અશરફીયા રફીયા ટોમ્બ આસપાસ તેમના પરીવારજનોને દફન કરવાની પરંપરા છે. પરંતુ આ દાવાને સમર્થન આપતુ કોઈ વિશ્વસનીય પુરાવા રજુ કરાયા નથી. કોર્ટે વધુમાં જણાવ્યુ હતુ કે અરજદારે તેમના મોટા ભાઈ સૈયદ અહમદમીયા બદરૂદ્દીન કાદરી નુ નિવેદન પણ રજુ કર્યુ ન હતુ, જયારે તેઓ ટોમ્બ ની દેખરેખ રાખતા હોવાનો દાવો અરજદારે કર્યો હતો. અરજદારે દફનવિધિ સંબંધિત પરંપરા કે અધિકાર સાબિત કરવા જરૂરી પુરાવા રજુ કર્યા નથી. આ વિવાદની શરૂઆત ત્યારે થઈ હતી જયારે પીરઝાદા સૈયદ બહાઉદ્દીન બી કાદરીએ રેગ્યુલર સીવીલ શુટ દાખલ કરી હતી. તેમાં તેમણે વડોદરાના કલેકટરે ૪ ફેબ્રુઆરી ૧૯૮૬ ના રોજ આપેલી નોટીસને ગેરકાયદેસર જાહેર કરવાની માંગણી કરી હતી. આ નોટીસ દ્વારા વડોદરાના દંતેશ્વર હાજીરા એટલે કે બડા હાજીરા ખાતે આવેલી કુત્બુદ્દીન મોહમદખાન અને તેમના પુત્ર નૌરંગ ખાનની કબર નજીક દફનવિધિ કરવાની મનાઈ કરવામાં આવી હતી.

અરજદારે સાથે સાથે રાજય સરકારને પ્રતાપનગર વડોદરા સ્થિત જમીન પર ધાર્મિક અને દફનવિધિ સંબંધિત પ્રવૃત્તિમાં દખલ ન કરવા માટે પરમેનેન્ટ ઈન્જન્કશન મુકવાની પણ માંગ કરી હતી. અરજદારે દાવો કર્યો હતો કે તેઓ કાદરીયા પંથ ના ધર્મગુરૂ છે. અને આ જમીન પર કુત્બુદ્દીન મોહમદખાન તથા તેમના પરીવારજનોની કબર છે. તેમના મુજબ આ જમીન આસપાસ તેમના પરીવારજનોને દફન કરવાની પરંપરા ઐતિહાસિક રીતે ચાલી આવે છે. પરંતુ વિવાદ ત્યારે ઉભો થયો જયારે અરજદારે ૧૯૮૪ માં પરવાનગી વિના પોતાની પુત્રીને કબર નજીક દફનાવી હતી. ત્યારબાદ કલેકટરે સ્મારક વિસ્તારમાં આવી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકતી નોટીસ આપી હતી.

ટ્રાયલ કોર્ટે ૧ ઓકટોબર ૨૦૦૩ ના રોજ અરજદારના પક્ષમાં ચુકાદો આપીને તેમની માંગ સ્વીકારી હતી. જો કે બાદમાં ફર્સ્ટ એપેલેટ કોર્ટે ૨૩ ડીસેમ્બર ૨૦૦૫ ના રોજ ટ્રાયલ કોર્ટનો ચુકાદો રદ કરીને કેસ ફગાવી દીધો હતો. જેની સામે અરજદારે હાઈકોર્ટ માં સેકન્ડ અપીલ દાખલ કરી હતી. અપીલ દરમિયાન અરજદાર તરફથી એડવોકેટ એમટીએમ હકીમે દલીલો કરી હતી કે એપેલેટ કોર્ટે રાજય સરકાર દ્વારા ટ્રાયલ દરમિયાન સત્તાવાર રીતે રજુ ન કરાયેલા દસ્તાવેજો પર આધાર રાખીને ભુલ કરી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે જો તે દસ્તાવેજો મહત્વના હોય તો કેસ ફરી થી ટ્રાયલમાં મુકવો જોઈએ.

પરંતુ સરકાર તરફથી આસી. સરકારી વકીલ ઉર્વશી પુરોહીતે દલીલ કરી હતી કે એપેલેટ કોર્ટે કોઈ નવા દસ્તાવેજો પર આધાર રાખ્યો નથી. તમામ દસ્તાવેજો અરજદારે જ ટ્રાયલ દરમિયાન રજુ કર્યા હતા. કોર્ટે એ પણ નોંધ્યુ હતુ કે આ દસ્તાવેજો જાહેર છે જેમ કે રેવન્યુ એન્ટ્રીઓ, ગર્વમેન્ટ નોટીફીકેશન અને આર્કીયાલોજીકલ રેકોર્ડસ, તથા તેની સામે પ્રશ્ન ઉઠાવી શકાય નહી. સરકારે વધુમાં દલીલ કરી કે બડા હજીરા મકબરાને બરોડા સ્ટેટ દ્વારા ૧૯૩૮ માં જ રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવ્યુ હતું અને ત્યારબાદ તે એન્શિયન્ટ મોન્યુમેન્ટ્સ એન્ડ આર્કિયોલોજીકલ સાઈટ્સ એન્ડ રિમેઈન્સ એકટ ૧૯૫૮ હેઠળ પણ રક્ષિત રહ્યુ છે. કોર્ટે વધુમાં નોંધ્યુ હતુ કે સીપીસીની સેકશન ૧૦૦ હેઠળ સેકન્ડ અપીલની સીમા ખુબ મર્યાદીત હોય છે અને તે માત્ર મહત્વપૂર્ણ કાનુની પ્રશ્નો સુધી જ મર્યાદીત રહે છે. કોર્ટે વધુમાં નોંધ્યુ હતુ કે રક્ષિત સ્મારકો પાસે ખોદકામ પર પ્રતિબંધ હોય છે તેથી દફનવિધિ માટે જમીન ખોદવી જરૂરી હોવાથી તે આ કાયદાનો ભંગ ગણાય.

# ગુજરાતમાં દારૂબંધીના ઉડયા ધજાગરા: મોરબીના આંદરણા ગામે સરકારી શાળામાં શિક્ષક નશાની હાલતમાં વિદ્યાર્થીઓને ભણાવતા ઝડપાયો: કલાસ રૂમમાંથી દારૂની અડધી બોટલ મળી આવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ ઠેર ઠેર દારૂની બોટલો મળતી હોય છે તે તો સમજી શકાય પરંતુ મોરબી તાલુકાના આંદરણા ગામે આવેલ સરકારી શાળામાં શિક્ષક નશાની હાલતમાં વિદ્યાર્થીઓને કલાસ રૂમમાં ભણાવતો હોય અને કલાસરૂમમાંથી જ દારૂની બોટલ પણ મળે તેવી ઘટના બહાર આવી છે. જેથી હાલમાં મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે શિક્ષક વિરૂધ્ધ ગુન્હો નોંધીને પોલીસે આરોપી શિક્ષકને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.

વર્તમાન સમયમાં દારૂ , ગાંજો અને ડ્રગ્સ જેવી નશાકારક વસ્તુઓનુ વેચાણ થતુ હોય તેવો ઘાટ મોરબી સહિત ગુજરાતમાં જોવા મળી રહ્યો છે અને ઠેર ઠેર દારૂની ખાલી બોટલો પણ જોવા મળતી હોય છે. એટલુ જ નહી પરંતુ કરોડો રૂપીયાનો દારૂ પોલીસની જુદી જુદી બ્રાન્ચ દ્વારા પકડવામાં પણ આવતો હોય છે તેમ છતાં પણ દારૂનુ ખુલ્લેઆમ વેચાણ થતુ હોય તેવો એક ઘાટ મોરબીની અંદર જોવા મળ્યો છે. મોરબી હળવદ હાઈવે રોડ ઉપર આવેલ આંદરણા ગામે સરકારી શાળામાં રાજુભાઈ પરમાર નામના શિક્ષક વિદ્યાર્થીઓને કલાસની અંદર ભણાવતા હતા. ત્યારે તે નશાની હાલતમાં હોવા અંગેની ગામની અંદર રહેતા નિવૃત્ત આર્મીમેન અનીલભાઈ તથા ગામના મહિલા સરપંચના પતિ નિતેશભાઈ ચાવડાને જાણ થઈ હતી, જેથી તેઓ તાત્કાલીક નિશાળે પહોચ્યા હતા અને ત્યારે શાળાના કલાસરૂમમાં શિક્ષક રાજુભાઈ પરમાર હાજર ન હતા પરંતુ તે કલાસ રૂમની અંદર ચેક કરવામાં આવતા સ્થળ ઉપર થી પ્લાસ્ટીકની બેગમાંથી દારૂની અડધી ભરેલી બોટલ તથા પ્લાસ્ટીકની બોટલમાં પાણી ભરેલુ મળી આવ્યુ હતું અને ત્યારબાદ અનીલભાઈ અને નિતેશભાઈએ શિક્ષક રાજુભાઈને શોધવા માટે શાળાના જુદા જુદા રૂમોમાં ચેક કર્યુ હતુ,

ત્યારે ઓફીસમાંથી રાજુભાઈ પરમાર મળી આવ્યા હતા અને તેઓ નશાની હાલતમાં હતા અને શિક્ષક શાળાની અંદર નશો કરીને વિદ્યાર્થીઓને ભણાવતો હોય આવી ઘટના બહાર આવી હોવાથી આ બનાવ અંગેની મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે હાલમાં સરકારી શાળાના શિક્ષક રાજુભાઈ પરમાર વિરૂધ્ધ ગુન્હો નોંધીને પોલીસે આરોપીને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.



# ઈડર સીવીલ હોસ્પીટલ ખાતે ધારાસભ્ય રમણલાલ વોરાની ઉપસ્થિતિમાં સર્વાઈકલ કેન્સર વિરોધી રસીકરણ કાર્યક્રમનુ કરાયુ આયોજન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્વસ્થ કિશોરી અને સ્વસ્થ સમાજના નિર્માણના સંકલ્પ સાથે ઈડર સરકારી સીવીલ હોસ્પીટલ ખાતે ગર્ભાશયના મુખના કેન્સર (સર્વાઈકલ કેન્સર) નિવારણ માટે મહત્વપૂર્ણ એવા એચપીવી રસીકરણ કાર્યક્રમનુ આયોજન ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા ની ઉપસ્થિતિમાં કરાયુ હતું. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય રમણલાલ વોરાએ જણાવ્યુ હતુ કે દેશના ઉજજવળ ભવિષ્ય સમાન કિશોરીઓને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે દેશના પ્રધાનમંત્રીના સંકલ્પને સિધ્ધ કરવાના ઉમદા પગલારૂપે આ રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

વધુમાં તેમણે કહ્યુ હતુ કે તબીબી નિષ્ણાંતોના મતે એચપીવી સંક્રમણ એ ગર્ભાશયના મુખના કેન્સરનુ મુખ્યકારણ છે અને સમયસર રસીકરણ થકી ભવિષ્યમાં આ ગંભીર બિમારી સામે અસરકારક રક્ષણ મેળવી શકાય છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧૪ થી ૧૫ વરસની વયની કિશોરીઓને એચપીવી સંક્રમણ થી સુરક્ષિત કરવા માટે રસી આપવામાં આવી હતી. આ પ્રસંગે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કિશોરીઓ અને તેમના વાલીઓને સર્વાઈકલ કેન્સર અંગે જાગૃતિ લાવવાના હેતુથી વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. જેમાં રસી નુ મહત્વ, તેની સલામતી અને અસરકારકતા વિશે વિસ્તૃત સમજ પુરી પાડવામાં આવી હતી. વધુમાં વધુ કિશોરીઓ આ




સુરક્ષા કવચ હેઠળ આવરી લેવાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા સતત જનજાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવી રહ્યુ છે.

# ATS દ્વારા નશાકારક દવાઓની હેરાફેરી મામલે મોટા નેટવર્કનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાત એન્ટિ-ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા નશાકારક દવાઓની હેરાફેરી મામલે મોટા નેટવર્કનો પર્દાફાશ કરાયો છે. ATS દ્વારા કરાયેલી તપાસમાં ઈન્ટરનેશનલ ડ્રગ ડીલર નેટવર્કનો ખુલાસો થયો છે અને આ મામલે પકડાયેલા ત્રણ આરોપી જે હવાઈ કાર્ગો મારફતે નશાકારક દવાઓને થાઈલેન્ડ અને મલેશિયા જેવા દેશોમાં મોકલતા હતા

ATSના અધિકારીઓ અનુસાર, નશાકારક દવાઓના જથ્થા પર ખોટી માહિતી દર્શાવવામાં આવતી હતી,આ દવાઓ ફાર્મસીના દવાના સેમ્પલ તરીકે જુદા-જુદા દેશોમાં મોકલાતી હતી, જેમકે થાઈલેન્ડ અને મલેશિયા, જ્યાં આ દવાઓનો ઉપયોગ નશા માટે થતો હતો. આ નેટવર્કનો મુખ્ય આધાર પકડવામાં આવ્યો, જે દવા નિકાસની કામગીરીને સંચાલિત કરતો હતો. સુરતના નિકુંજ ગઢિયાની ધરપકડ કરવામાં આવી છે, જે આ કારોબાર સાથે સંકળાયેલો છે.. ATSએ ૪ કિલોથી વધુ દવાની જથ્થો કબ્જે કર્યો, જેમાંથી એક કિલો દવાની કિંમત અંદાજે ૪,૦૦૦ થી ૫,૦૦૦ ડોલર હતી.ATSએ મલેશિયા અને થાઈલેન્ડમાં ૧૪ કિલો દવાની નિકાસ અટકાવી છે અને હજુ આગળની તપાસ શરૂ કરી છે. આ દવા ભારતમાં તો કાનૂની રીતે વેચાણ માટે પ્રતિબંધિત નથી, પરંતુ જો તેનો નિકાસ કરવો હોય તો પરવાનગી મેળવવી અનિવાર્ય છે. થાઈલેન્ડ અને મલેશિયા જેવા દેશોમાં પણ આ દવાઓના વેચાણ અને ખરીદી પર પ્રતિબંધ છે. ATSએ તપાસમાં નિકુંજ હરેશ ગઢિયા (રહે, સુરત) તથા તેની સાથે સંકળાયેલા ચેતન કનુ વાવડીયા તથા ભૌતિક દામજી પદમણીને ઝડપી પાડ્યા છે.

# કાર ભાડે લઈ ગયેલા વ્યક્તિએ રાજસ્થાનમાં કાર સગેવગે કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરમાં કાર ભાડે લઈ ગયેલા વ્યક્તિએ રાજસ્થાનમાં કાર સગેવગે કરી દીધી હોવાનું સામે આવતા રાવપુરા પોલીસે ફરિયાદના આધારે આરોપી સામે ગુનો નોંધ્યો છે.

મૂળ ભાવનગરનો વતની અને હાલ શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતો નિરવ વાળા ખાનગી હોસ્પિટલમાં નોકરી કરે છે. નિરવ વાળાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, વર્ષ ૨૦૨૫ દરમિયાન તેણે પોતાના મિત્ર અનિલ બલદાણીયાના નામે કાર ખરીદી હતી. આ કાર તે ઓળખીતાઓને જરૂરી દસ્તાવેજો લઈ પ્રતિદિન રૂ.૩ હજારના ભાડે આપતો હતો.ગઈ તા.૨૦ ફેબ્રુઆરીના રોજ કુરજીભાઈ વાળાના મારફતે કાર અત્તાઉર રહેમાન સાકિર મેમણ (રહે. શાંતિવન સોસાયટી, તાંદળજા, વડોદરા) ને ત્રણ દિવસ માટે ભાડે આપવામાં આવી હતી. આરોપીએ બે દિવસના ભાડા અને ડિપોઝિટ તરીકે કુલ રૂ.૧૫,૫૦૦ જમા કરાવ્યા હતા. જોકે ત્યારબાદ અત્તાઉર રહેમાનનો સંપર્ક થઈ શક્યો નહોતો.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૦૭/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૯૩૩ | ૪૪૦.૦૦ | ૫૭૧.૦૦ |
| ૨ | મગફળી | ૩૦ | ૧,૧૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૩ | એરંડા | ૧૫ | ૧,૨૪૦.૦૦ | ૧,૨૪૬.૦૦ |
| ૪ | રાયડો | ૧૫ | ૧,૧૦૦.૦૦ | ૧,૧૫૦.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૪૫૦.૦૦ | ૪૮૫.૦૦ |
| ૬ | મકાઇ | ૦ | ૩૨૦.૦૦ | ૩૬૦.૦૦ |
| ૭ | ચણા | ૧૦ | ૯૫૦.૦૦ | ૧,૦૫૦.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૮૫ | ૧,૦૦૦.૦૦ | ૧,૫૭૩.૦૦ |
| ૯ | તુવર | ૧૦ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૮૦.૦૦ |
| ૧૦ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૧૧ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૨ | સોયાબીન | ૦ | ૯૫૦.૦૦ | ૧,૦૦૦.૦૦ |
| ૧૩ | કપાસ | ૪ | ૧,૨૦૦.૦૦ | ૧,૪૩૪.૦૦ |

મુનિમજી સોફટવેર


# બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાભરી ચુંટણીમાં રાજયભરના વકીલોએ કર્યુ ભારે મતદાન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની પ્રતિષ્ઠાભરી ચુંટણી ગઈ કાલે શુક્રવારે યોજાઈ હતી. જેના પગલે વકીલ આલમમાં ભારે ઉત્તેજના અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ૯૯ ઉમેદવારોના ભાવી માટે રાજયભરમાં વકીલોએ ભારે મતદાન કર્યુ હતું. અમદાવાદમાં ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત યુનિર્વસિટી ખાતે મતદાન સેન્ટર આપવામાં આવ્યા હતા.

આ ચુંટણી દ્વારા આગામી પાંચ વર્ષ માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની નવી કમિટીની રચના કરવામાં આવશે. ચુંટણી પ્રક્રિયા અંતર્ગત કુલ ૧૦૩ ઉમેદવારોએ



ઉમેદવારી નોંધાવી હતી. જેમાંથી તપાસ બાદ ૯૯ એડવોકેટ ઉમેદવારોના ફોર્મ માન્ય ઠર્યા હતા. આ રીતે હવે ચુંટણીમાં ૯૯ ઉમેદવારો વચ્ચે મુકાબલો યોજાયો હતો. આ ચુંટણીમાં ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત એ હતી કે ૩૦ ટકા મહિલા ઉમેદવારોના પ્રતિનિધિત્વની ખાસ બાબત અમલમાં મુકવામાં આવી હતી. કુલ ૨૩ સભ્યો માટેની ચુંટણીમાં ઓછામાં ઓછા પાંચ મહિલા ઉમેદવારોનુ પસંદગી ફરજીયાત રહેશે.

આ ઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયા દ્વારા પાંચ મહિલા ઉમેદવારોને કો.ઓપ્ટ સભ્ય તરીકે નિમણુંક કરાશે, અમદાવાદમાં વકીલ મતદારોની સુવિધા વધારવા માટે આ વખતે પ્રથમ વખત બે અલગ અલગ પોલીંગ સ્ટેશન પર મતદાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. એક પોલીંગ સ્ટેશન ગુજરાત હાઈકોર્ટ ખાતે હતુ જયારે અન્ય બીજુ પોલીંગ સ્ટેશન ગુજરાત યુનિર્વસિટી કેમ્પસના અટલ કલામ હોલ ખાતે રાખવામાં આવ્યુ હતું. મતદાન સવારે ૯ વાગ્યા થી સાંજના ૬ વાગ્યા સુધી ચાલ્યુ હતું. જેમાં રાજયભરમાંથી ૭૬૫૭૯ થી વધુ વકીલ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં અમદાવાદના ૧૮ હજાર થી વધુ વકીલો મતદાન માં જોડાયા હતા.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# વિક્લી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં સાપ્તાહિક ધોરણે રૂ.૧૨૬૩નો ઉછાળોઃ સોનાના વાયદામાં રૂ.૩૬ અને ચાંદીના વાયદામાં રૂ.૫૭૬૨નો ઘટાડો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૫૮૧૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૩૨૧૫૭૧૪ કરોડનું સાપ્તાહિક ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૫૯૯૪૭ કરોડનાં સાપ્તાહિક કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૭૧૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ સુધીના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૫૬૧૫૩૪.૪૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૪૫૮૧૨.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૩૨૧૫૭૧૪.૬૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૭૧૩ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ સાપ્તાહિક પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૫૧૨૫.૫૯ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૫૯૯૪૭.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૦૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૯૮૮૦ અને નીચામાં રૂ.૧૫૮૭૧૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૯૭૦૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૩૬ ઘટી રૂ.૧૫૯૬૭૩ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૧૩૩૭ વધી રૂ.૧૩૧૩૯૫ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો સપ્તાહના અંતે ૧ ગ્રામદીઠ રૂ.૧૦૬ વધી રૂ.૧૬૪૯૯ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૭ વધી રૂ.૧૫૯૮૧૩ થયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૫૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૭૨૦૦૦ અને નીચામાં રૂ.૧૫૭૦૬૭ના મથાળે અથડાઈ, રૂ.૧૬૦૩૯૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૭૪૭ વધી રૂ.૧૬૧૧૪૧ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૭૭૫૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૯૭૭૯૯ અને નીચામાં રૂ.૨૫૭૮૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૨૬૭૯૫૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૫૭૬૨ ઘટી રૂ.૨૬૨૧૯૧ના સ્તરે બંધ થયો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૨૭૪૮ ઘટી રૂ.૨૬૮૮૧૯ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૫૮૯ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૬૯૦૦૧ થયો હતો.




બિનલોહ ધાતુઓમાં રૂ.૨૧૯૭૧.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૧૨.૪૫ ઘટી રૂ.૧૧૯૪.૮૫ના સ્તરે બંધ થયો હતો. જસત માર્ચ વાયદો સપ્તાહના અંતે રૂ.૫.૬૫ ઘટી રૂ.૩૨૧.૩ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૧૮.૫ વધી રૂ.૩૩૦.૬ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. સીસું માર્ચ વાયદો ૯૫ પૈસા ઘટી સપ્તાહના અંતે રૂ.૧૮૮.૫ના ભાવે બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૬૩૮૩૭.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૦૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૦૭૩ અને નીચામાં રૂ.૩૮૬૦ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૮ ઘટી રૂ.૩૯૯૬ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૯૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૩૫૩ અને નીચામાં રૂ.૫૯૪૨ના સ્તરને સ્પર્શી, રૂ.૬૦૫૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૨૬૩ વધી રૂ.૭૩૧૬ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૨૬૧ વધી રૂ.૭૩૧૪ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો સપ્તાહના અંતે એમએમબીટીયુદીઠ રૂ.૧૬.૫ વધી રૂ.૨૭૩.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૧૬.૩ વધી સપ્તાહના અંતે રૂ.૨૭૩.૫ના સ્તરે બંધ થયો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૫૬ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭.૭ ઘટી રૂ.૯૪૮.૫ થયો હતો. એલચી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૨૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪૮ ઘટી રૂ.૨૪૭૬ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬૬૩૧૨.૫૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૯૩૬૩૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૧૬૧૦૫.૮૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૩૨૭૯.૯૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૭૭.૩૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૫૦૮.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૯૯.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૦૫૮૬.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૩૧૫૦.૩૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૨.૧૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૭૮૯૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૨૭૯૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૫૧૦૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૧૪૧૫૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૧૯૦૫ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૬૩૪૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૪૯૯૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૩૩૫૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૫૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૭૮૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૭૯૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૩૯૯૩૫ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૪૧૬૯૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૪૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૨૨૪ પોઈન્ટ વધી ૩૯૭૧૩ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

# પ્રજાના કામો ન થતા વિસ્તારમાં કયા મોઢે જવુઃ સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે ૨૦૨૭ની વિધાનસભાની ચુંટણી નહી લડવાની કરી જાહેરાત

## કોંગ્રેસના જેવા હાલ ભાજપના થઈ રહ્યા છે ભુતકાળમાં કોંગ્રેસના ધારાસભ્યો ચુંટણી લડવાની ના પાડતા હતા તે નૌબત ભાજપમાં આવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સરકારી અધિકારીઓનુ રાજ ચાલી રહ્યુ છે. ભાજપના ધારાસભ્યોના કામો થતા નથી, મંત્રીઓ પણ મંત્રીઓના કામો કરતા નથી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયે ભાજપના મંત્રીઓની ભલામણો ધુળ ખાઈ રહી છે. ત્યારે આવા સંજોગોમાં ભાજપના ધારાસભ્યો હવે સામે ચાલીને કહી રહ્યા છે કે ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી ન લડવાની જાહેરાત કરી રહ્યા છે. ગુજરાતમાં આવનારી ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીને લઈને રાજકીય હલચલ વચ્ચે વડોદરા જિલ્લાના સાવલી મત વિસ્તારના ધારાસભ્ય કેતન ઈનામદારે મહત્વપૂર્ણ નિવેદન આપ્યુ છે. તેમણે જાહેર કર્યુ છે કે તેઓ વર્ષ ૨૦૨૭ માં યોજાનારી વિધાનસભા ચુંટણી નહી લડે અને ભવિષ્યમાં પણ જનતા વચ્ચે રહીને કામ કરતા રહેશે. તેમના આ નિવેદનને કારણે રાજકીય વર્તુળોમાં તેમજ સાવલી મત વિસ્તારના લોકોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કેતન ઈનામદારે ચુંટણી નહી લડવાનો નિર્ણય કેમ લીધો તેની સ્પષ્ટ માહિતી હજુ સુધી બહાર આવી નથી. જો કે છેલ્લા કેટલાક સમયથી તેઓ વિકાસ ના કામોને લઈને નારાજ હોવાનુ કહેવાઈ રહ્યુ છે. તેમણે અગાઉ પણ જાહેરમાં જણાવ્યુ હતુ કે કેટલાક વિકાસ કાર્યો યોગ્ય રીતે આગળ વધી રહ્યા નથી અને કેટલાક અધિકારીઓ ધારાસભ્યના સુચનોને ગંભીરતાથી લેતા નથી. આ મુદ્દે તેઓ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને મળ્યા હોવાની ચર્ચા પણ થઈ હતી. ત્યારબાદ હવે તેમના તરફથી ૨૦૨૭ ની ચુંટણી ન લડવાની જાહેરાત થતા રાજકીય રીતે આ નિવેદન મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યુ છે. સાવલી મત વિસ્તારમાં કેતન ઈનામદારનુ રાજકીય પ્રભાવ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેઓ હાલ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે સાવલીનુ




પ્રતિનિધિત્વ કરે છે. વર્ષ ૨૦૨૨ ની ગુજરાત વિધાનસભા ચુંટણીમાં તેમણે જીત મેળવી ફરી એકવાર ધારાસભ્ય તરીકે વિજય મેળવ્યો હતો. તેમની રાજકીય સફર પણ થોડી અલગ પ્રકારની રહી છે. જેના કારણે તેઓ રાજયના રાજકારણમાં વિશિષ્ટ અનુભવ ધરાવે છે. કેતન ઈનામદારે પોતાના રાજકીય કારર્કિદીની શરૂઆત વર્ષ ૨૦૧૦ માં વડોદરા જિલ્લા પંચાયતથી કરી હતી. તે સમયે તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચુંટણી લડીને જીત્યા હતા અને જિલ્લા પંચાયતના સભ્ય બન્યા હતા. ત્યારબાદ ૨૦૧૨ ની ગુજરાત વિધાનસભા ચુંટણીમાં તેઓ સાવલી મતવિસ્તાર થી અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતર્યા હતા અને વિજય મેળવ્યો હતો. તે ચુંટણીમાં તેઓ સમગ્ર રાજયમાં જીત મેળવનાર એક માત્ર અપક્ષ ઉમેદવાર હતા. તેમણે તે વખતે કોંગ્રેસના ઉમેદવાર ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણને હરાવ્યા હતા અને નોધપાત્ર મતોથી જીત મેળવી હતી. પછીના સમયગાળામાં તેમણે ભારતીય જનતા પાર્ટીને ટેકો આપ્યો અને ભાજપ સાથે જોડાયા હતા. ત્યારબાદ તેઓ ભાજપના નેતા તરીકે સાવલી વિસ્તારમાં રાજકીય રીતે સક્રિયા રહ્યા છે. હાલમાં પણ તેઓ સાવલી મતવિસ્તારમાં વિકાસના મુદ્દાઓને લઈને સક્રિય જોવા મળે છે. તેમણે ૨૦૨૭ ની ચુંટણી નહી લડવાની જાહેરાત કર્યા બાદ સાવલી તેમજ વડોદરા જિલ્લાના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક સ્તરે પણ લોકોમાં અનેક પ્રશ્નો ઉભા થયા છે કે આ નિર્ણય પાછળનુ વાસ્તવિક કારણ શું છે, રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે આગામી સમયમાં કેતન ઈનામદાર આ નિવેદન અંગે વધુ સ્પષ્ટતા કરે તેવી શકયતા છે.

# મોરબીમાં ૧૦૦ સિરામિક એકમો બંધ કરાયાઃ આગામી દિવસોમાં આંકડો વધીને ૪૫૦ સુધી પહોચે તો નવાઈ નહી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મોરબીનો સિરામિક ઉદ્યોગ હાલ વિકટ પરીસ્થિતિમાં છે. ત્યારે મોરબી સિરામિક એસોસીએશન ના પ્રમુખની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં પ્રમુખે જણાવ્યુ હતુ કે છેલ્લા બે દિવસની અંદર મોરબીમાં પ્રોપેન ગેસ આધારીત ૧૦૦ જેટલા સિરામિકના કારખાના બંધ થઈ ગયા છે અને આગામી દિવસોમાં આ આંકડો વધીને ૪૫૦ સુધી પહોચે તો નવાઈ નહી,



ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે હાલમાં યુદ્ધ ચાલી રહ્યુ છે અને તેની સૌથી મોટી અસર મોરબીમાં આવેલ વિશ્વ કક્ષાના સિરામિક ઉદ્યોગમાં જોવા મળી રહી છે. અહીના સિરામિક કારખાનાઓની અંદર સિરામિક પ્રોડકટનુ ઉત્પાદન કરવા માટે નેચરલ ગેસ અને પ્રોપેન ગેસનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે નેચરલ ગેસની સપ્લાય ગુજરાત ગેસ કંપની દ્વારા કરવામાં આવે છે અને તેઓ દ્વારા હાલમાં ઔદ્યોગિક એકમોની અંદર નેચરલ ગેસની સપ્લાય કરવામાં આવે છે પરંતુ પ્રોપેન ગેસની સપ્લાય જુદી જુદી કંપનીઓ અને એજન્ટો દ્વારા કરવામાં આવતી હોય છે. જે કંપનીઓ દ્વારા પ્રોપેન ગેસ ની સપ્લાય કરવામાં આવી રહી છે તેઓની પાસે જ હાલમાં પ્રોપેન ગેસ ન હોવાથી સિરામિક કારખાનાઓમાં પ્રોપેન ગેસની સપ્લાય છેલ્લા બે દિવસથી બંધ થવા લાગી છે. જેના કારણે છેલ્લા બે દિવસમાં મોરબીમાં ૧૦૦ થી વધુ સિરામિક કારખાનાઓ બંધ થઈ ગયા છે. આગામી દિવસોમાં કારખાના બંધ થવાનો આંકડો વધીને ૪૫૦ સુધી પહોચે તેવી શકયતા છે.

મોરબી સિરામિક એસોસીએશનના પ્રમુખ મનોજભાઈ એરવાડીયાએ પ્રેસ કોન્ફરન્સ યોજી વધુમાં જણાવ્યુ હતુ કે મોરબીના સિરામિક ઉદ્યોગકારો હાલમાં વિકટ પરીસ્થિતિમાં પસાર થઈ રહ્યા છે. હાલમાં પ્રોપેન ગેસ ન મળતો હોવાથી કારખાના બંધ, કારખાનામાં પડેલ તૈયાર માલ એકસપોર્ટ બંધ હોવાથી માલ વેચાતો નથી, અગાઉ વેચાણ કરેલા માલના રૂપીયા આવતા નથી, આમ ચારેય બાજુથી મોરબીના ઉદ્યોગકારો ઘેરાઈ ગયા છે. જો કે સિરામિક કારખાનામાં રોજગારી મેળવતા શ્રમિકો કે તેના પરીવારજનો હેરાન ન થાય તેના માટેની વ્યવસ્થા જે તે કારખાનેદાર કે કોન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવી રહી છે અને ખાસ કરીને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા પણ ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા સાથે ટેલીફોનીક વાતચીત કરીને મોરબીના સિરામિક ઉદ્યોગ ને હાલની સ્થિતિમાં રાજય સરકાર કઈ રીતે મદદરૂપ બની શકે તેની માહિતી મેળવી હતી અને મદદ કરવા માટેની તૈયારી મુખ્યમંત્રીએ દર્શાવી હતી. આગામી સમયમાં જરૂર પડશે ત્યારે સિરામિક એસોસીએશન દ્વારા સરકાર પાસે પણ મદદ માટે રજુઆત કરવામાં આવશે.

# કોંગ્રેસના દિગ્ગજ નેતા ઈન્દ્રનીલ રાજયગુરૂએ અચાનક સક્રિય રાજકારણમાંથી લીધી નિવૃત્તિ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે કોંગ્રેસનો મોટો ઝટકો લાગ્યો છે. રાજકોટ કોંગ્રેસના કદાવર નેતા અને પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂએ રાજકીય ક્ષેત્રમાંથી સ્વેચ્છિક નિવૃત્તિની જાહેરાત કરી છે. જેને લઈને કોંગ્રેસના અન્ય નેતાઓ અને કાર્યકરોમાં નિરાશા વ્યાપી ગઈ છે. ઈન્દ્રનીલ રાજયગુરૂ ગુજરાતના સૌથી ધનિક રાજકીય નેતાઓમાંના એક ગણાય છે અને ચુંટણી દરમિયાન જાહેર કરેલી તેમની મિલ્કતોને કારણે તેઓ હંમેશા ચર્ચામાં રહ્યા છે. ઈન્દ્રનીલ રાજયગુરૂ એ ૨૦૧૭ ની વિધાનસભા ચુંટણીમાં પોતાની સલામત બેઠક છોડીને



તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે રાજકોટ પશ્ચિમ બેઠક પરથી ચુંટણી લડી હતી. જે તે સમયે સમગ્ર રાજયમાં સૌથી વધુ ચર્ચાયેલી બેઠક હતી. અગાઉ ૨૦૧૮ માં તેમણે કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ હતું અને ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણી પહેલા તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા, જો કે તેઓ લાંબા સમય આમ આદમી પાર્ટીમાં રહ્યા ન હતા અને કોંગ્રેસમાં ઘરવાપસી કરી હતી.

ઈન્દ્રનીલ રાજયગુરૂએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીત દરમિયાન પોતે રાજકીય અને સામાજિક જીવનમાંથી સ્વેચ્છિક નિવૃત્તિ લઈ રહ્યા હોવાની પુષ્ટિ કરી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે હું સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરૂ છું. મે આ અંગે શહેરના મોવડી મંડળને પણ જાણ કરી દીધી છે. જો કે હાલમાં તેઓ મીડીયા સમક્ષ આવવાનુ ટાળી રહ્યા છે અને આ નિવૃત્તિ પાછળનુ કોઈ ચોકકસ કારણ હજુ સુધી સ્પષ્ટ કર્યુ નથી. ઈન્દ્રનીલ રાજયગુરૂ રાજકોટના રાજકારણમાં ખુબ જ વગદાર ચહેરો ગણાય છે, તેમની રાજકીય કારર્કિદી અનેક વળાંકોથી ભરેલી રહી છે. તેઓ રાજકોટની પૂર્વ બેઠક પરથી ધારાસભ્ય રહી ચુકયા છે.

રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણીઓ નજીક છે ત્યારે ઈન્દ્રનીલ જેવા આર્થિક અને સામાજિક રીતે સધ્ધર નેતાની નિવૃત્તિ કોંગ્રેસ માટે મોટુ નુકશાન સાબિત થઈ શકે છે. રાજકોટમાં કોંગ્રેસના સંગઠનમાં તેમનુ વર્ચસ્વ રહ્યુ છે. ત્યારે હવે તેમની ગેરહાજરીમાં પાર્ટી આગામી ચુંટણીમાં કેવી રણનીતી અપનાવે છે તે હવે જોવુ રહ્યું. હાલ તો ઈન્દ્રનીલ રાજયગુરૂના આ નિર્ણય થી રાજકીય વિશ્લેષકોમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. શું આ માત્ર રાજકીય નિવૃત્તિ છે કે પછી કોઈ મોટા ફેરફારની પૂર્વ તૈયારી ? તે તો આગામી સમય જ કહેશે.

# ઈઝરાયેલ- ઈરાન યુદ્ધની અસરઃ કેળા , દ્રાક્ષ, દાડમ અને શાકભાજી દુબઈમાં સડી રહ્યા છે ૧ હજાર કન્ટેનરઃ ભારતને ભારે આર્થિક ફટકો

પ્રતિનિધિ,ગાંધીનગર

મધ્ય પૂર્વ માં વધતા જતા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિએ હવે ભારતીય કૃષિ નિકાસના પાયા હચમચાવી દીધા છે. ખાસ કરીને મહારાષ્ટ્રના ખેડુતો અને નિકાસકારો અત્યારે લાખો કરોડો રૂપીયાના નુકશાનનો સામનો કરી રહ્યા છે. દુબઈનુ જેબલ અલીબંદર, જે મધ્ય પૂર્વ માં ભારતીય ફળો અને શાકભાજીનુ મુખ્ય પ્રવેશ દ્વાર ગણાય છે. ત્યાં ગઈ તારીખ ૨૮ ફેબ્રુઆરી થી કામકાજ સંપૂર્ણપણે ઠપ થઈ જવા પામ્યુ છે. અત્યારે દુબઈના જેબલ અલી પોર્ટ પર અંદાજે ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર ફસાયેલા છે. આ કન્ટેનરોમાં કેળા, દ્રાક્ષ, દાડમ, તડબુચ અને પાંદડાવાળા શાકભાજી જે જલ્દી બગડી શકે છે તેવા ઉત્પાદનો છે,રમઝાનના પવિત્ર મહિનામાં આ ફળોની ભારે માંગ



રહેતી હોય છે, પરંતુ પોર્ટ પર કામકાજ બંધ હોવાથી આ માલ બીજા દેશોમાં મોકલી શકાતો નથી. પરીણામે કન્ટેનરોમાં ભરેલો માલ સડી રહ્યો છે અને નિકાસકારોના કરોડો રૂપીયા ડુબી રહ્યા છે. આ સંકટની સૌથી ગંભીર અસર દ્રાક્ષના ઉત્પાદકો પર પડી છે. નાસિક અને મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોમાંથી નિકાસ માટે નિકળેલી અંદાજે ૫ હજાર થી ૬ હજાર ટન દ્રાક્ષ અત્યારે બંદરો પર અટવાયેલી છે. જે ખેડુતોએ નિકાસ માટે ૧૦ હજાર ટન દ્રાક્ષ તૈયાર રાખી હતી, તેમને હવે આ માલ સ્થાનિક બજારમાં પાણીના ભાવે કે ખોટ માં વેચવાની ફરજ પડી રહી છે, મુંબઈના ન્હાવા શેવા (એનપીટી) બંદર પર પણ ૨૦૦ થી વધુ કન્ટેનરનો જામ લાગેલો છે.

માત્ર નિકાસ જ નહી પણ આયાત પણ ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. ઈરાની બંદરો પર ભારત માં આવતા સફરજન, કીવી અને ખજુર ના ૬૦૦ થી ૭૦૦ કન્ટેનર અટવાયેલા છે. ખજુર ના એક કન્ટેનરની કિંમત અંદાજે ૪૫ લાખ રૂપીયા જેટલી હોય છે, આ ઉપરાંત ભારત સરકારે આ સિઝનમાં ૨૦ લાખ ટન ખાંડ ની નિકાસ કરવાની મંજુરી આપી હતી. પરંતુ વર્તમાન અવરોધોને કારણે માત્ર ૫ લાખ ટન ખાંડ જ બજાર સુધી પહોચી શકશે. તેવુ અનુમાન છે. ખેડુત સંગઠનો હવે આર્થિક પેકેજની માંગ કરી રહ્યા છે. મહારાષ્ટ્ર રાજય ડુંગળી ઉત્પાદક સંઘે સરકાર ને પ્રતિ કિવન્ટલ ૧૫૦૦ રૂપીયાની સબસીડી આપવા અને બંદર પરના વિલંબ શુલ્ક માફ કરવા વિનંતી કરી છે. ઘણા નિકાસકારોએ માલ બગડી જવાની બીકે કન્ટેનર પાછા મંગાવવાનુ શરૂ કર્યુ છે. પરંતુ કસ્ટમ કિલયરન્સમાં થતા વિલંબના કારણે ઘણો માલ નકામો થઈ ગયો છે.

## પથી વધુ લોકો થયા ગંભીર ઈજાગ્રસ્ત

# અંબાજીમાં ગબ્બર સર્કલ પાસે પથ્થર ભરેલા ટ્રકે બે કારને અડફેટે લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠાના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે આજે રવિવારની રજા હોવાથી શ્રદ્ધાળુઓની ભારે ભીડ હતી, તે દરમિયાન ગબ્બર સર્કલ પાસે એક ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. પથ્થર ભરેલા એક ટ્રકે પૂરપાટ ઝડપે વળાંક લેતી વખતે ડ્રાઈવરે કાબૂ ગુમાવતા ટ્રક રોડ પર પલટી ખાઈ ગયો હતો અને માર્ગ પરથી પસાર થતી અન્ય બે કારને અડફેટે લીધી હતી.

આ હિંસક અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર સહિત કુલ ૫ થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, ઈજાગ્રસ્ત થયેલા લોકોમાં મુંબઈથી મા અંબાના દર્શનાર્થે આવેલા ૩ યાત્રિકો અને એક સ્થાનિક મહિલાનો સમાવેશ થાય છે.

અકસ્માત થતા જ આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા અને તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક અંબાજીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાથી પ્રાથમિક સારવાર બાદ તેમને વધુ સારવાર માટે પાલનપુર રેફર કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

પ્રાથમિક દ્રષ્ટિએ આ અકસ્માત ટ્રક ડ્રાઈવરની બેદરકારી અને વધુ પડતી ઝડપ (ઓવરસ્પીડ) ને કારણે સર્જાયો હોય તેમ જણાય છે. પથ્થરનો ભાર હોવાથી ટ્રક પલટી જતા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતને પગલે ગબ્બર રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જોકે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફિક હળવો કરાવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. યાત્રાધામમાં સર્જાયેલા આ અકસ્માતને પગલે દર્શનાર્થે આવેલા અન્ય શ્રદ્ધાળુઓમાં પણ શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# ઉમરેઠ ના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનુ અવસાનઃ પીએમ મોદી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત અનેક દિગ્ગજ નેતાઓએ શોક વ્યકત કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

આણંદ જિલ્લાના ઉમરેઠ વિધાનસભા ક્ષેત્રના લોકપ્રિય ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારનુ ગઈ કાલે એટલે કે ૬ માર્ચ ૨૦૨૬ ના રોજ હ્રદય રોગના હુમલાને કારણે અવસાન થયુ છે. મળતી માહિતી મુજબ વહેલી સવારે તેમને અચાનક હ્રદયરોગનો હુમલો આવતા તાત્કાલીક સારવાર માટે આણંદની હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જો કે સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અવસાનના સમાચાર મળતા જ ઉમરેઠ વિસ્તાર તેમજ સમગ્ર રાજયના રાજકીય વર્તુળોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તો બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ તેમના નિધનને લઈને શોક વ્યકત કર્યો છે. ઉલ્લેખનીય છે કે ગોવિંદભાઈ પરમાર પોતાની સાદગી, સરળ સ્વભાવ અને લોકો માટે હંમેશા ઉપલબ્ધ રહેતા નેતા તરીકે ઓળખાતા હતા. સામાન્ય પરીવારમાંથી રાજકારણમાં પ્રવેશ કરીને તેમણે સતત જનસેવા કરી અને લોકોના પ્રશ્નોને ઉકેલવા માટે પ્રયત્નશીલ રહ્યા હતા. તેમના અવસાનથી ઉમરેઠ વિસ્તારના લોકોમાં ઉંડી ખોટ અનુભવી રહી છે. ગોવિંદભાઈ પરમારના અવસાન પર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ શોક વ્યકત કર્યો છે. બંને નેતાઓએ તેમના જીવનમાં કરેલી જનસેવા અને રાજકીય યોગદાનને યાદ કરી શ્રધ્ધાંજલી પાઠવી હતી. તેમજ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પણ સોશીયલ મીડીયા પર પોસ્ટ કરીને દુઃખ વ્યકત કર્યુ હતું. વિશ્વકર્માએ જણાવ્યુ હતુ કે ગોવિંદભાઈ નુ અવસાન પક્ષ અને વિસ્તાર માટે મોટી ખોટ છે.

**પશ્ચિમ રેલ્વે**

**રદ કરતી નોટિસ**

ટેન્ડર નોટિસ નં. IND/UJN/SIMHASTHA/02, જેની બંધ થવાની તારીખ ૧૭.૦૩.૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાકે અને ખોલવાની તારીખ ૧૭.૦૩.૨૦૨૬ના રોજ ૧૫.૩૦ કલાક હતી તે અનિવાર્ય કારણોને લીધે રદ કરવામાં આવે છે. અન્ય તમામ નિયમો અને શરતો જેમની તેમ રહેશે. 1196

અમને લાઈક કરો : facebook.com/WesternRly

રૂમોની આસપાસ ગંદા પાણીનો નિકાલ અને સફાઈની નિયમિતતા જરૂરી છે

# સુરતના ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં કામદાર આવાસોની સ્વચ્છતા જળવાવી જોઈએ

**આડેધડ બાંધકામોથી સુરત શહેર માં બનેલ તક્ષશિલા જેવા ગંભીર બનાવ બને તો જવાબદાર કોણ? સુરત મહાનગરપાલિકા, સુડા,કામદારો માટે રૂમો બનાવતા ભાડા ખાઉ માલિકો, કે સરકાર?**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેર સહિત સમગ્ર દેશનો વિકાસ થાય એની સામે કોઈ ને વાંધો કે વિરોધ હોય શકે નહીં. વિકાસ ના નામે દરેક ક્ષેત્રમાં પ્રગતિ થઈ રહી છે જેવા કે ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં નવી બનતી ફેકટરીઓ, નવા પ્લાન્ટ વિગેરે શરૂ થઈ રહ્યા છે એના થકી લોકોને રોજી રોટી મળી રહે એ ઘણી સારી વાત છે. પરંતુ એ રોજી-રોટીની શોધમાં સુરત આવી ભરચક વિસ્તારોમાં નર્ક જેવી જિંદગી જીવતા કામદારોના આરોગ્ય, રહેઠાણ વિગેરે માટે પણ વિચારવું જરૂરી છે. માત્ર ને માત્ર ઉત્પાદન ને ધ્યાનમાં રાખી જો કામદારોના સ્વાસ્થય પ્રત્યે બેદરકારી દાખવવામાં આવશે તો પછી કામદારોના હિતો ના રક્ષણ માટે લડશે કોણ? અને કામદારોના આરોગ્ય જળવાશે નહીં તો ઈન્ડસ્ટ્રીયલ ફેકટરીઓમાં સખત મહેનત કરશે કોણ?

જે રીતે સુરત શહેરના વિવિધ વિસ્તારો જેવા કે સચિન, સુડા, કનકપુર, કંસાડ, પાલીગામ, તલંગપોર, પલસાણા, કડોદરા,જોળવા,તાતીથૈયા જેવા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો સહિત હજીરા, કીમ, પીપોદરા જેવી અલગ-અલગ જગ્યાઓ એ મોટા મોટા ઈન્ડસ્ટ્રીયલ બાંધકામો થયેલા છે અને આ ઈન્ડસ્ટ્રીયલોમાં કામ કરવા માટે મોટે ભાગે ગુજરાત બહારના કામદારો આવતા હોય છે. અને આવા મજૂરો સહેલાઈથી કારખાના, ફેકટરીમાં આવી જાય તે માટે કારખાના, ફેકટરીઓની આજુબાજુ જ રહેવા માટે નાની-નાની રૂમો બનાવવામાં આવે છે. જ્યાં સ્વચ્છતા ના નામે મીંડુ હોય છે. ગંદા પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા આવા રહેઠાણોની આજુબાજુ હોતી નથી. ગંદકીના કારણે મજૂર વર્ગ પાણીજન્ય રોગોથી પીડાતા હોય છે.

મજૂર વર્ગો માટે ઊભી કરાતી રૂમો જેમાં હવા ઉજાસ તો દૂરની વાત છે. પરંતુ શ્વાસ લેવો પણ ભારે પડે એવી એક એક રૂમોમાં ૮ થી ૧૦ વ્યક્તિઓ ભાડે રહેતી હોય છે. આવી બિલ્ડીંગોમાં અવર-જવર માટે માત્ર બે થી અઢી ફૂટ પહોળાઈની સાંકડી સીડી હોવાને કારણે એક સાથે ૧ કે ૨ વ્યક્તિ જ અવર-જવર કરી શકે એટલી પહોળાઈ હોવાને કારણે કામદારો માટે જાન નું જોખમ બને છે. ન કરે નારાયણ તક્ષશિલા જેવી કોઈ આગની દુર્ઘટના બને તો આ જ સાંકડી સીડી માંથી એક સાથે બહાર નીકળવાના ચક્કરમાં પણ કામદારો મોત ને ભેટવાનો વારો આવે. એક બાજુ આગથી જીવ બચાવવો બીજી બાજુ સાંકડી સીડીમાંથી નિકળવા માટે થતી ધક્કા મુક્કી માં પણ કામદારોને પણ જાન ગુમાવવાનો સમય આવે છે.

જે બિલ્ડીંગો ઊભી કરાવવામાં આવે છે એ તદન ગેરકાનૂની, આર્કિટેક કે સિવિલ એંજિનિયર ના કોઈપણ પ્લાન કે નકશાની મંજૂરી વગર ચાર થી પાંચ માળની ઊભી કરવામાં આવે છે. જે બિલ્ડીંગોમાં ફાયર NOC, BUC, રજા ચિઠ્ઠી વિગેરે નો કોઈ કાયદાકીય રીતે અમલ નહીં કરાયાને કારણે બિલ્ડીંગની ગુણવત્તા ઉપર પણ સવાલો ઊભા થાય છે? ઉપરાંત આવી બિલ્ડીંગો તેમજ આવાસોની આજુ બાજુ કચરા ના થતાં ઢગલા જોતાં જાણે એવું લાગે કે ગામનો કોઈ ઉકરડો હોય એવો આભાસ થાય. અને એ કચરાના ઢગલાને કારણે એ વિસ્તારના કામદારોના સ્વાસ્થય ઉપર પણ ગંભીર સવાલો ઊભા થતાં હોય છે અને જેને કારણે કામદારો આ ફેલાયેલી ગંદકીને પ્રતાપે બીમાર પડતાં હોય છે, જીવલેણ બીમારીનો ભોગ બનતા હોય છે અને ઘણીવાર મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા તાવથી પોતાનો જીવ પણ ગુમાવતાં હોય છે.

આમ શહેર જિલ્લામાં રહેતા કામદારોના સ્વાસ્થય સાથે ચેડાં કરી માત્ર ને માત્ર ભાડું ખાવા ઊભી કરાતી આવી પ્લાન નકશા વગરની ગેરકાયદે બિલ્ડીંગો સુરત મ.ન.પા તથા સુડા ધ્વારા તાત્કાલિક ધોરણે સર્વે કરી કામદારોના હિતમાં ડિમોલિશન કરવું જોઈએ તેમજ ઉપરોકત જણાવેલ વિસ્તારોમાં પ્લાન પાસ વગર બાંધકામો થાય નહીં તેની તંત્રએ તકેદારી રાખવી જોઈએ. અને ગેરકાયદેસર ઊભી કરાયેલી બિલ્ડીંગો પણ જમીનદોસ કરવી જોઈએ. ટૂંકમાં જે બાંધકામ ગેરકાયદેસર હોય તેને તોડી પાડવામાં તંત્રએ કોઈની પણ શેહશરમ રાખવી જોઈએ નહીં.આવી અન્ય જગ્યા એ ઊભી કરાતી ગેરકાયદે નવી બિલ્ડીંગો ને પણ તાત્કાલિક ધોરણે અટકાવી કામદારોના હિતોને પ્રાધાન્ય આપવા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાતના પ્રમુખ છગનલાલ દોલતરામ મેવાડા ધ્વારા કામદારોના સ્વાસ્થય અને એમના જાન-માલનું રક્ષણ કરવાની જાહેર અપીલ કરી છે.

## સાબરકાંઠા બેંક દ્વારા પ્રથમ ફેઝ ની ૨૯૧ મંડળીઓમાં કોમ્પ્યુટરાઈઝ સફળતા પૂર્વક પૂર્ણ થતા પેકસ ને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ધી સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓ.બેંક લી. હિંમતનગર દ્વારા ગઈ તારીખ ૩ માર્ચ ને મંગળવાર ના રોજ કેન્દ્ર સરકાર ના પેકસ કોમ્પ્યુટરાઈઝેશન પ્રોજેકટ હેઠળ નાબોર્ડ ની એસઓપી મુજબ સાબરકાંઠા બેંક હેઠળની પ્રથમ ફેઝ ની ૨૯૧ સેવા સહકારી મંડળીઓમાં ઈઆરપી ની કામગીરી પૂર્ણ થતા તમામ પેકસ ને ઘોષિત કરવાનો કાર્યક્રમ નાબોર્ડ અમદાવાદ રીજીયોનલ ઓફીસ ના ચીફ જનરલ મેનેજર બી કે સીંગલ ના અધ્યક્ષસ્થાને હિંમતનગર ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રોગ્રામમાં બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન તથા બોર્ડ ઓફ ડીરેકટર્સ , પેકસ ઘોષિત થયેલ ૨૯૧ મંડળીના સેક્રેટરી, એસએચજી, જેએલજી ના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામમાં નાબોર્ડ સીજીએમના હસ્તે બેંક દ્વારા નવીન રચાયેલ એમ પેકસ ના લોનના મંજુરી પત્ર, કેન્દ્ર સરકારની વર્લ્ડ લાર્જેસ્ટ ગોડાઉન યોજના હેઠળ ધી વસાઈ સેવા સહકારી મંડળી લી. તથા ધી લક્ષ્મીપુરા સેવા સહકારી મંડળી લી . ના ૫૦૦ એમ ટી ઉપરના ગોડાઉનના લોનના મંજુરી પત્ર, ઈ પેકસ સર્ટીફીકેટ વિતરણ, એસએચજી, જેએલજી લોનના ચેકો નુ વિતરણ તથા માઈક્રો એટીએમ મારફતે સૌથી વધારે કમિશન મેળવનાર બે દુધ મંડળીના સેક્રેટરીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતું. વધુમાં બેંક ની ટેબ બેકિંગ સર્વિસ નુ લોન્ચિગ પણ કરવામાં આવ્યુ હતું. પ્રોગ્રામની શરૂઆતમાં બેંકના ચેરમેન શ્રીમતી હંસાબેન પટેલ દ્વારા મહેમાનોનુ શબ્દોથી સ્વાગત તથા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યુ હતું.

બેંકના વાઈસ ચેરમેન ભીખાજી ઠાકોર દ્વારા પણ પ્રસંગને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

નાબોર્ડ અમદાવાદ ના સીજીએમ એ સાબરકાંઠા બેંક એ રાજયની ૬૨૦૦ કરોડ ઉપરાંત ટર્નઓવર ધરાવતી મહત્વની બેંક તરીકે ઓળખ આપી બેંકને અભિનંદન પાઠવ્યા હતા. પેકસ કોમ્પ્યુટરાઈઝેશન પ્રોગ્રામ હેઠળ બેંકે કરેલ કામગીરી માટે તેમજ બેંકના વિકાસમાં મહત્વના યોગદાન માટે બોર્ડ ઓફ ડીરેકટર્સ, બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફીસર એચ પી નાયક તેમજ બેંક સ્ટાફ ને અભિનંદન પાઠવ્યા હતા. તેઓ દ્વારા સર્વેને હર ઘર સહકાર પહોચાડવા આહવાન કરવામાં આવ્યુ હતું. પ્રોગ્રામના અંતે આભારવિધી હરીશભાઈ એમ પટેલ દ્વારા કરવામાં આવી હતી. પ્રોગ્રામનુ સફળ સંચાલન જાકીરભાઈ મનસુરી તેમજ ડી ઈ વિભાગના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યુ હતું.

ઉનાળામાં પુરતા પ્રમાણમાં પીવાના પાણીનો જથ્થો ઉપલબ્ધ

## ગુજરાત રાજયના મુખ્ય જળાશયોમાં હાલની સ્થિતિએ સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં ચાલુ વરસે ચોમાસામાં સાર્વત્રિક અને ભારે વરસાદના પરીણામે રાજયના મુખ્ય જળાશયો એટલે કે ડેમમાં પુરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને જળસંપત્તિ પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના નેતૃત્વમાં પાણી સંચય અંગેના સુચારૂ વ્યવસ્થાપન થકી રાજયમાં દિન પ્રતિદિન પીવાના અને સિંચાઈ માટેના પાણીની ઉપલબ્ધતા વધી રહી છે. રાજયમાં ચાલુ વરસે ચોમાસામાં સરેરાશ ૧૨૮ ટકા થી વધુ વરસાદ નોંધાયો છે. જેના પરીણામ સ્વરૂપે તારીખ ૫ માર્ચ ૨૦૨૬ ની સ્થિતિએ રાજયના મુખ્ય જળાશયોમાં સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૬.૪૬ લાખ મીલીયન કયુબીક ફીટ-એમસીએફટી એટલે કે કુલ પાણીનો જથ્થો ૭૨ ટકા થી વધુ છે. આમ ગત વરસની સાપેક્ષમાં વિસ્તારવાર એકંદરે રાજયમાં ૪.૧૫ ટકા જેટલો વધારે જયારે સરદાર સરોવર જળાશયમાં પણ ગત વર્ષની સાપેક્ષમાં ૧.૬૩ ટકા વધારે પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. જેથી રાજયમાં આગામી ઉનાળામાં પુરતા પ્રમાણમાં પીવાનુ પાણી મળી રહેશે તેવુ જળસંપત્તિ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ છે. વધુમાં ગુજરાત ની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલની સ્થિતિએ ૭૪ ટકા થી વધુ એટલે કે ૨.૪૭ લાખ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. રાજયમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૨.૩૪ લાખ થી વધુ એમસીએફટી પાણીનો જથ્થો જળાશયોમાં સચવાયો છે. આ સિવાય મધ્ય ગુજરાતમાં ૬૫૧૭૯ એમસીએફટી, ઉત્તર ગુજરાતમાં ૪૧,૮૪૨ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. સૌરાષ્ટ્રમાં ૫૩,૬૨૧ અને કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. આમ રાજયમાં કુલ ૬,૪૬,૫૫૬ એમસીએફટી એટલે કે ૭૨.૪૯ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. જયારે ગત વર્ષની સરખામણીએ તારીખ ૫ માર્ચ ૨૦૨૫ ની સ્થિતિએ રાજયમાં વિસ્તારવાર ઉત્તર ગુજરાતમાં ૨૭,૮૪૭ એમસીએફટી, મધ્ય ગુજરાતમાં ૫૭,૮૮૨ એમસીએફટી, દક્ષિણ ગુજરાતમાં ૨,૨૪,૧૮૨ એમસીએફટી, સૌરાષ્ટ્રમાં ૫૨,૨૬૪ એમસીએફટી અને કચ્છ વિસ્તારમાં ૫,૩૩૨ એફસીએફટી પાણીનો જથ્થો સંગ્રહાયેલો હતો. આ ઉપરાંત સરદાર સરોવર જળાશયમાં ૨,૪૧,૯૫૨ એમસીએફટી એટલે કે ૭૨.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હતો. આમ રાજયમાં ગત વર્ષે કુલ ૬,૦૯,૪૫૯ એમસીએફટી એટલે કે ૬૮.૩૪ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હતો તેવુ યાદીમાં જણાવાયુ હતું.

ઉલ્લેખનીય છે કે રાજયમાં સૌથી વધુ સૌરાષ્ટ્રમાં ૧૪૧ જળાશયો, ઉત્તર ગુજરાતમાં ૧૫, મધ્ય ગુજરાતમાં ૧૭, દક્ષિણ ગુજરાતમાં ૧૩, કચ્છમાં ૨૦, તેમજ સરદાર સરોવર સહિત ગુજરાતમાં કુલ ૨૦૭ જળાશયો / ડેમો આવેલા છે.

## બાઈકના અકસ્માતમાં ખેડૂત બુઝુર્ગનો ભોગ લેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના સેવકધૂણીયા ગામમાં રહેતા દિલુભા ભાવસંગજી જાડેજા નામના ૬૫ વર્ષના ખેડૂત, કે જે પોતાનું જી.જે. ૧૦ એ. બી. ૯૯૫૭ નંબરનું મોટરસાયકલ લઈને લાલપુર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન હરીપર ગામના પાટીયા પાસે સામેથી આવી રહેલી જી.જે. ૦૩ કે.સી. ૮૮૯૬ નંબરની કારના ચાલકે બાઈકને ઠકરે ચડાવતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક સવાર દિલુભા જાડેજાને ગંભીર ઈજા થઈ હતી, અને તેઓનું મૃત્યુ નીપજયું છે. આ અકસ્માતના બનાવ અંગે મૃતકના ભત્રીજા રવિરાજસિંહ વિક્રમસિંહ જાડેજાએ લાલપુર પોલીસ મથકમાં કાર ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસ આ બનાવ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.